# પ્રતિભાબીજની માવજત[1]

## બ. ક. ઠાકોર

*'રે બીજૂં દઈ તૂં શકે નવ શકે, દે એક સદ્‌ભાવના'*

એ વિષય ઉપર આજે હું આપ સૌ અધ્યાપક અભ્યાસી મંડળને શાંતપણે થોડો વિચાર કરવા નિમંત્રું છું. વિષયનું ક્ષેત્ર અને ગૌરવ, આશા રાખું છું કે મ્હારી ચર્ચા પૂરી થશે ત્યાં લગીમાં આપના ધ્યાનમાં આવી જશે. કાર્લાઈલ જેવાની તીણી વાણીમાં કાન ફોડતા કહું તો એથી વધારે મહત્ત્વનો વિષય શોધ્યો જડવાનો નથી. પરંતુ એ તો આ ચર્ચાથી ભિન્ન ભિન્ન બુદ્ધિમાં આપમેળે જ ઊગે તે ખરું.

૧. 'માવજત' એટલે ખેડ, કેળવણી, ઉછેર, પરંતુ માતા પોતાના બાળકની શક્તિઓ અને શક્યતાઓ જ સ્નેહ, કાળજી અને આત્મભોગે પોષે છે અને વિકસાવે છે તે ઉત્કૃષ્ટ જાતની ઉછેર.

'પ્રતિભા' એટલે અસાધારણ શક્તિ, લોકોત્તર સર્જકતા. આનાં 'બીજ' એટલે પ્રતિભાસંપન્ન વ્યક્તિઓ, કુદરત તો આપણને ઝમાને ઝમાને બક્ષે છે; જો કે એટલાં તો ઓછાં કે તે હજાર કિંવા દશ હજાર બાલકે કેટલાં તે પણ કહેવું અશક્ય છે. દશ હજારે એક બાલક પ્રતિભાસંપન્ન જન્મતું હશે કે એક પણ નહીં. અને જેમ કોઈ વસ્તુ વધારે વિરલ તેમ તે વિશેષ કીમતી, એ સાદું સર્વમાન્ય ધોરણે અહીં તો ખાસ લાગુ પડે છે. એવાં અતિવિરલ બીજની માવજત અત્યંતાત્યંત સાવધાની અને સંભાળે થવી જોઈએ. ખરું ને ? કેનેડા દેશમાં થોડાં વર્ષ ઉપર એક બાઈને એકસાથે પાંચ બાલક અવતર્યાં. આવા દાખલા બહુ ધ્યાન ખેંચવા પામતા નથી, તેનું એ જ કારણ કે પાંચમાંથી ત્રણ, ચાર કે બધાં ય માસ છ માસમાં જ દેવશરણ થઈ

---

1 જોડણી મૂળ લેખ મજબ રાખી છે.

જાય છે. પણ આ અકસ્માતે આખા દેશનું ધ્યાન ખેંચ્યું, ગામની સુધરાઈ સત્તાએ વાતમાં મન ઘાલ્યું, એક દાક્તરે તેમની માવજતને પોતાનું જીવન સમર્પ્યું, આખા દેશમાં તેને જોઈતી સામગ્રી ખોબે ને ધોબે મળવા લાગી, અને એ પાંચે બાલક નમૂનેદાર બાલકો બને એમ તેમને વિજ્ઞાન અને વિધિની ન્હાનીમોટી તમામ ભલામણો પ્રમાણે ઉછેરાય છે; તથા આપણા શ્રીસમ્રાટ અને સામ્રાજ્ઞી કેનેડાની મુલાકાતે હમણાં જ પધારેલાં, ત્યારે એ પંચોળિયાંને પોતે દર્શનનો લાભ પણ આપેલો. જગતની નામીચી શરતોમાં જે ઘોડાઘોડી જીતી જાય છે, તેમને નિષ્ણાત દેખરેખમાં રાખવામાં આવે છે, તેમની પાછળ જ પોતાનો જન્મારો ખર્ચી અનેક માનવકુટુંબો સારું ગુજરાન રળે છે; અને તેમની ઓલાદની ઉછેર કશી કરકસરના કાપ વગર શાસ્ત્રપૂત વિધિએ થાય છે. જાતવાન કૂતરા વગેરેની ઉછેર પાછળ પણ યુરોપી પ્રજાઓ પૂરતી ચીવટ રાખે છે. પ્રાણીઓના શિરતાજ સ્થાને માનવી, તેના પ્રજનન કે તેની ઉછેર માટે આપણે કોઈપણ ઠેકાણે આવાં વ્યવસ્થાતંત્ર જોતા જ નથી, તો તેનો મુખ્ય ખુલાસો આ છે, કે માનવીની સૌથી કીમતી મતા તેની વૈયક્તિક સ્વતંત્રતા મનાય છે. માનવી સ્ત્રી કે પુરુષ, પોતાના લગ્નસંબંધની બાબતમાં જેટલી સ્વતંત્રતા વાંછે છે તેટલી બીજી કોઈપણ બાબતમાં તે નથી માગતું અને વળી લગ્ન કરે તો પોતે પિતામાતા થવું કે નહીં, અને પોતાને બાલક સાંપડે તો તેને કેમ ઉછેરવું, એ સર્વે વૈયક્તિક જીવનની ખાનગીમાં ખાનગી બાબતો મનાય છે. વ્યકિતઓ લગ્ન કરે, તો સમાજનું સર્વોપરી કારભારીમંડળ જે તે સમાજની રાજ્યસત્તા, તે લગ્ન નોંધાવવાની ફરજ પાડે, બાલક અમુક ઉંમરનું થતાં તેને શીતળાશામક રસી ટોચાવવાની અને અમુક ઉંમરનું થતાં શાળામાં બેસાડવાની ફરજ પાડે, મરી જાય તો તેનું મોત નોંધાવવાની ફરજ પાડે, એમ કેટલીક બાબતો ઉપરાંત સૌથી આગળ વધેલી રાજ્યસત્તા પણ સ્ત્રીપુરુષ અને માબાપ-વ્યક્તિઓના ખાનગી જીવનમાં હાથ જ ઘાલતી નથી. અને આ જ રૂઢિ સારી જણાય છે, કેમ કે આપણામાંના અતિઉદ્દામ પ્રગતિપ્રેમીઓએ પણ કબૂલી લેવું ઠીક છે કે બાલમાનસ ને બાલશરીરનાં આપણાં જ્ઞાનવિજ્ઞાન હજી અત્યંત પ્રાથમિક અને અચોકસ પ્રકારનાં જ છે. પેલાં પંચોળિયાં ઊંચાઈ, છાતીમાપ, વઝન, સ્નાયુબલ, તોફાન, કકલાણ અને હઠ કરવાની શક્તિ અને ખંધાઈ, વાનરવેડા આદિ મોટે ભાગે બાહ્ય લક્ષણોમાં ભલે ને ઉંમર પ્રમાણે નમૂનેદાર ગણાય અને ઈનામો મેળવે એવાં ઉછેરી શકિયે, તથાપિ ચોવીશે કલાકની નિરંતર દેખરેખવાળા આ વિચિત્ર પ્રયોગમાં

એ પાંચ કેવાં નીવડી આવશે, તે કૂટ પ્રશ્ન જ છે. મને પોતાને તો આ દાક્તરફાક્તર કરતાં આ પાંચ બાળકો સાથે સાથે જ ઊછરવાનાં એ એક હકીકત વધારે શ્રદ્ધાજનક અને આશાસ્પદ જણાય છે, કેમ કે બાળકોની સ્વયમેય અન્યોન્ય કેળવણી અને ખિલવટમાં હું સારી પેઠે માનું છું. માણસ માત્ર પ્રેરણાપ્રેરિત પ્રાણી નથી, તે માત્ર બાહ્ય ચાવીઓને અધીન યંત્ર તો છે જ નહીં; મોટી ઉંમરનું થતાં જે માણસ માત્ર પશુ કે કેવળ યંત્ર નીવડે તે પશુ કે યંત્ર લેખે ઉત્તમોત્તમ ગણનાને પાત્ર ભલે હોય, તે માણસ લેખે તો શૂન્ય દોકડાનો જ અધિકારી ગણાવાનો, બેશક. સ્વેચ્છાશક્તિ ખીલી હોય, સ્વેચ્છાએ પોતાની શક્તિઓ, સમય અને સાધનોનો વિનિયોગ રુચિ પ્રમાણેનાં ક્ષેત્ર-ક્ષેત્રોમાં કરતો જોવામાં આવે, તે જ માણસ, તે જ આપણી હારનો.

૨. ગુજરાતી પ્રજાનો નર્મદથી શરૂ થયેલો જે અર્વાચીન યુગ અત્યારે ચાલી રહ્યો છે, તેમાં અસાધારણ શક્તિવાળાં એટલે પ્રતિભાસંપન્ન પુરુષરત્નો પણ સારી સંખ્યામાં આપણને મળ્યાં છે. રાજપ્રકરણી ક્ષેત્ર સૌનું સૌથી પ્હેલું ધ્યાન ખેંચે એ કુદરતી છે, તો તેમાં આપણા હરિદાસ વિહારિદાસ, પ્રભાશંકર પટ્ટણી, દાદાભાઈ નવરોજજી, શ્રીમંત મહારાજા સયાજી[2], અને મહાત્મા મોહનભાઈ ગાંધીજી જેવાએ પોતપોતાના સંજોગો પ્રમાણે અસાધારણ નામના મેળવી છે અને દેશસેવા કરી છે, એ નિર્વિવાદ છે. વિજ્ઞાનના આપણને હજી મુકાબલે અણફાવતાં ક્ષેત્રમાં ત્રિભુવનદાસ ગજ્જર, તો પ્રયોજિત વિજ્ઞાનના અને યાંત્રિક ઉદ્યોગોની સ્થાપના અને ખિલવણીના ક્ષેત્રમાં જમશેદજી ટાટા અને રણછોડ રેંટિયાનાં નામ આખા હિંદમાં તેમ હિંદ બ્હાર પણ જાણીતાં છે. ફિલસૂફી કે ગણિત વિદ્યાઓના અમૂર્ત્ત ક્ષેત્રોમાં કોઈ ગુજરાતી દુનિયાનું ધ્યાન ખેંચી લે એટલી શક્તિઓવાળો હજી પાકેલો નથી. પંથજમાવટના ક્ષેત્રમાં ટંકારાના શુક્લ મૂલશંકર (સ્વામી શ્રી દયાનંદ સરસ્વતી)ને[3] ગુજરાત ન ફાવ્યું, તો પંજાબ, રાજપુતાનામાં એમણે આર્યસમાજ વિસ્તાર્યો, અગર જો કે એમનું પ્રથમપ્હેલું મંદિર આ મુંબઈ નગરમાં જ સ્થપાયું હતું. પ્રાચીન સમયને લગતી શોધખોળની વિદ્યાઓમાં આપણા શ્રી ભગવાનલાલ ઇંદ્રજી આલમ-મશહૂર વિદ્વાન થઈ ગયા; એ છેક સાદા, નિરભિમાની, નિષ્કિંચન પ્રશ્નોરા બ્રાહ્મણ નેપાળથી લંકા લગી રવડેલા, અને ઉદેપુરના રાણાકુળની સાચી વંશાવલિ, ખારવેલનો લેખ,

2 સયાજી જન્મેલા ખાનદેશ પ્રાંતમાં, તે ગુજરાતનો પ્રાંત ગણાય, દક્ષિણનો ના જ ગણાય.

3 દયાનંદ સરસ્વતી જન્મે ગુજરાતી ન્હોતા.

ગધૈયા સિક્કાનો સમય અને ઉકેલ, વગેરે અત્યંત મહત્ત્વની શોધખોળોને સારુ પ્રાચીન હિંદના ઇતિહાસ માટે જિજ્ઞાસુ દુનિયાએ એ વિચક્ષણ રખડૂનો જ આભાર માનવાનો છે. પરંતુ ધ્યાન આપશો કે આ ક્ષેત્રો અને તેમાંના પ્રતિભાભૂષિત કરવૈયાઓ અર્વાચીન ગુજરાતે પાકેલાના દાખલા હું ટાંકી રહ્યો છું, કેવળ એટલા માટે કે પ્રતિભાના વિહારનું ફલક માનવી જીવનના જેટલું જ વિશાળ બલ્કે અમર્યાદ છે, એ ત્હમે વિસારી ન શકો, એક કલાકે કે જરા ઓછા સમયની મર્યાદામાં મ્હારે રહેવાનું, એટલે ખુલ્લું છે કે આવું ભીમકાય ક્ષેત્ર હું ત્હમારી આગળ ઉખેળી ન શકું, મ્હારે સારી પેઠે ન્હાનું સરખું ક્ષેત્ર લેવું અનિવાર્ય જ. એટલે હવે હું માનવપ્રવૃત્તિના સાહિત્યવિષયક અંશને જ આજે ધ્યાનમાં લેવા ત્હમને ન્હોતરી, ગુજરાતે અર્વાચીન સમયમાં પાકતા પ્રતિભાસંપન્ન લેખકો અને તેમાં પણ વિશેષે કવિઓના વિભાગ ઉપર જ ત્હમારી વિચારણા એકાગ્ર કરવાને ત્હમને વીનવું છું.

૩. ‘આપણી કવિતાસમૃદ્ધિ’ની પ્રથમાવૃત્તિના પ્રવેશકમાં મેં લખેલું કે કવિપ્રતિભાને પૂરતી ન ખીલવા દે એવાં ત્રણ વિઘ્નો ધ્યાનમાં રાખવાનાં છે. પહેલું વિઘ્ન એવું છે કે તે વિષે આપણે નિરુપાય છિયે. આપણા આયુષ્યનું અલ્પ પ્રમાણ આપણને જીવનનાં અન્ય ક્ષેત્રે તેમ કવિતા-કલાક્ષેત્રે પણ નડે છે. આની એ ચર્ચામાં મેં ત્રણ દાખલા પણ ટાંકેલા : (૧) કલાપી, (૨) મલયાનિલ, (૩) ગજેંદ્ર બૂચ. ત્રણે છવીશસત્તાવીશ વર્ષની કાચી ઉંમરે વિદેહ થયા. લાઠી ગામ અને કલાપીનું રાજ્ય એટલું ન્હાનું કે તે વખતે ત્યાં સારો દાક્તર પણ વેળાસર મળે નહીં. કલાપીએ એવા દરેક સંજોગમાં તાર કરીને જેતપુર, ભાવનગર કે જૂનાગઢથી જ-આગગાડીના- સમય પ્રમાણે જે દાક્તર વ્હેલો પ્હોંચી શકે તેને તેડાવવાની રીત રાખેલી. એમને એકાએક વિષૂચિકાનો રોગ ઊપડ્યો રાતમાં, અને વધી ગયો ઝડપથી, મળસ્કે. એમના પગારદાર વૈદ્ય મ્હારા મિત્ર શાસ્ત્રી પ્રભુલાલ પ્રભાશંકર આવ્યા, ત્યારે પણ ઉપચાર લાગુ પડવા માટે બહુ જ મોડું થઈ ગયેલું. તાર તે પછી મુકાયો, અને તેના જવાબમાં દાક્તર આવ્યો ત્યારે તો કશું બની શકે એમ હતૂં જ નહીં. ગજેન્દ્ર બૂચ ગુજરી ગયા ટાઈફોડની બીમારીમાં. એ પ્રોફેસર હતા અને એમના મિત્રો પણ વિદ્વાન. એટલે એમની કૃતિઓ ગજેન્દ્રમૌક્તિકોને નામે થોડાજ સમયમાં પ્રકાશમાં આવી. કલાપીએ પોતાનાં થોડાં ગદ્યલખાણો હયાતી દરમિયાન બ્હાર પાડેલાં (કાશ્મીરનો પ્રવાસ એ એમની પ્રથમ પ્રસાદીનું પ્હેલું મુદ્રાંકન વઢવાણમાં થયું હતું). એમની કવિતાઓના સંગ્રહ પ્રકટ

કરવા એમણે પોતાની હયાતી દરમિયાન બે વાર તૈયારી કરેલી. પ્હેલી વાર ગોઠવણ એવી ઠરેલી કે વિવરણ મણિલાલ નભુભાઈ એ ઉમેરવું પણ તેઓને વખત મળવાવારો આવતાં તો તેમનો જર્જરિત દેહ પડી ગયો. પછી વિવરણ જીવ(ન)રામ લક્ષ્મીરામ દવે-જટિલ-જોડે એમ ઠરેલું. પણ ત્યાં તો બીજા કારણસર જીવનરામને લાઠીની નોકરી છોડી પોતાની મૂલ જગા ભાવનગર કેળવણી ખાતામાં હતી ત્યાં જવું પડ્યું, અને પછી સુરસિંહજીનો જ દેહ પડી જતાં મહેનતાણું જીવનરામ કેવી રીતે મેળવી શકે એ શંકા ઊભી થઈ, અને ત્યાં તો જીવનરામ પોતે બીમાર થઈ ગુજરી ગયા, અને એમ કામ લટક્યું. જટિલનાં કલાપી ઉપર વિવરણો લખાવા પામ્યાં જ નહીં, તે એક લેખે ઠીક જ થયું, કેમ કે એમનાં જે ચંદ્ર માસિક વગેરેમાં વિવરણો જોઈએ છિયે, તે ટાહ્યલાં જેવાં જ છે. મહેનતાણું ભલે નહીં, ગોહેલ રાજકુલના સૌથી મોટા રાજા ભાવનગર મહારાજા, તેઓ પોતાના દરબારી છાપખાનામાં છાપી દેવા હુકમ ફરમાવે અને મણિશંકરને હાથે સૌથી સારું સંપાદન થશે, એમ સુરસિંહજી તેમ જીવનરામના સ્નેહીઓને લાગ્યું. એટલે એમ ઠર્યું. આમાં મુખ્ય સંચાલક સુરસિંહજીનો દિવાનો મસ્ત કવિ ત્રિભુવન. પરંતુ, શ્રી ભાવસિંહજી આગળ અર્જ ગુજારતાં કે તેમનો હુકમ મેળવતાં વાર લાગી ગઈ, લાઠી અને ભાવનગરમાં રાજકુટુંબો પિત્રાઈ તથાપિ બે વચ્ચે બેએક પેઢીથી ‘અપૈયા’ ચાલ્યા કરતા હતા એ ગૂંચ પણ ખરીસ્તો, અને આગળ જણાવાશે તે કારણથી વચ્ચે વચ્ચે મણિભાઈનો પોતાનો પ્રમાદ. એટલે મસ્ત કવિ કંટાળ્યો અને મેં કહ્યું ભલે રાજ્યના છાપખાનાનો લાભ ન મળે તો નહીં જ વાત, હું મ્હારે જોખમે છપાવીશ. એ પ્રમાણે મસ્ત કવિ અને શાસ્ત્રીજી પ્રભુલાલના દબાણથી જીવનરામ પાસેની જે નકલો– સુરસિંહજી દરેક કૃતિની ચાર પાંચ સાફ નકલો કરાવતા જ હતા-મુંબાઈમાં હતી તે મ્હને મળી. તે લગભગ સંપૂર્ણ જોતાં મેં મણિભાઈને જણાવી દીધું જે મહારાજા સુધી જવા વગેરે ખટપટની કશી જરૂર નથી, બહુ વખત વહી ગયો, હજી એમને એમ કેટલો જાય કોણ જાણે, મ્હારા સંગ્રહમાં માત્ર આટઆટલી કૃતિઓ ખૂટે છે તેમાંથી ત્હમારી કનેની મ્હને મોકલો, એટલે એઓ જાગ્યા, શ્રી મહારાજા સાહેબનો હુકમ પણ મળી ગયો, અને ૧૯૦૨માં એમનો મ્હને કાગળ આવ્યો જે કામ ચાલે છે અને હમીરજી ગોહેલના પ્હેલા બે સર્ગની નકલો ત્હમે મેળવી હોય તો મ્હને મોકલશો

4. *કાન્તમાલા, પૃ. ૩૫૬ અને તે પછીની ફોટોગ્રાફિક નકલમાંનો ઉપલો પત્ર.*